# પતિવ્રતા સાધ્વી અનસૂયા!

ધર્મ દર્શન

બાળકૃષ્ણ વડનેરે

ત્રિમૂર્તિ દત્તાત્રેય ભગવાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રણ આદિ દેવોનો સમન્વય છે. સંપૂર્ણ ભારત દેશમાં દત્ત સંપ્રદાયના ભક્તો દત્ત સેવામાં તરબોળ થયેલા છે. બ્રહ્મા-વિષ્ણુ મહેશનો સ્વભાવ ગુણો, ઐક્ય સમરસતા અને માનવો માટે અપૂર્વ પ્રેમભાવ દત્ત ભગવાનની વિશિષ્ટતા છે. દત્તાત્રેયે ભક્તોને સાધુ-ફકીર, મલંગ, શુદ્ર, વ્યાઘ્ર પ્રાણી રૂપમાં દર્શન આપ્યા છે. ત્રિમુખ અને એકમુખ એમ બે મૂર્તિનાં મંદિરો છે. અનેક મંદિરોમાં દત્ત પાદુકાની પૂજા થાય છે. ગુરુવાર એ દત્તાત્રેય ભગવાનનો વાર છે. માગશર સુદ પૂનમે સાંજના સમયે દત્તાત્રેયનો જન્મ થયો છે અને એ જ દિવસે દત્ત-જયંતી તહેવાર ઉજવાય છે. વ્યાપક તથા અદ્વૈત દત્ત અવતારનું મુખ્ય ઉદ્દિષ્ટ છે. ભૂત-પિશાચ તથા અમંગલતા, અઘોરીવિદ્યા, મલિનવિદ્યા વગેરેનો કોઇ પ્રભાવ કે અસર દત્તભક્તો પર થતી નથી.

દત્ત ભગવાનની જન્મકથા પણ અદભુત છે. અત્રિ ઋષિની ભાર્યા અનસૂયા પતિવ્રતા નામે પ્રસિદ્ધ હતા. સર્વત્ર અનસૂયાદેવી મહત્તા હતી. એક સમયે નારદમુનિ ઋષિ અત્રીના આશ્રમે આવ્યા હતા. અત્રીના દર્શન કર્યા અને દેવી અનસૂયાનું પાવિત્ય, પતિવ્રતાની તેજસ્વિતા જોઇને મનોમન પ્રસન્ન બન્યા. અત્રી મુનિનું અને અનસૂયાનું દર્શન કરીને નીકળી ગયા તે સીધા વૈકુંઠમાં શ્રી નારાયણના દર્શને. ત્યાં તેમને મળ્યા. લક્ષ્મીજી, પાર્વતીજી અને સરસ્વતીજી ત્રણે દેવીઓ કોઇ કામ અંગે ભેગાં થયાં હતાં અને નારાયણ નારાયણ એમ નારદજીનો પુકાર સાંભળ્યો અને લક્ષ્મીજીએ નારદજીનું સ્વાગત કર્યું, આવકર આપ્યો, ક્ષેમકુશળતા વિશે પૂછ્યું અને આવવાનું



પ્રયોજન પૂછ્યું. નારદજીને તો સારો અવસર મળ્યો. એમણે કહ્યું, ‘‘સારું થયું તમે ત્રણ દેવીઓ એકત્ર છો. હું હમણાં જ મુનિ અત્રીના આશ્રમે જઇ આવ્યો છું. ત્યાં અત્રી મુનિના અને મહાન પવિત્રતા તેજસ્વી અનસૂયાનું દર્શન લઇને પાવન થઇ ગયો છું. તે સમાચાર પ્રભુ નારાયણને આપવા આવ્યો છું’’ અને ભગવાન નારાયણને મળવા ગયા અને તે જ ક્ષણે ત્રણે દેવી ભડકી ગઇ. અનસૂયાની પતિવ્રતાની વાતો સાંભળીને સ્ત્રી અહંકાર જાગૃત થયો અને પોતાનું પાતિવ્રત્ય શું ઓછું છે? એવા પ્રશ્નથી ત્રણ દેવીઓ અકળાઇ ગયા એ ત્રણેએ નિર્ણય કર્યો. પોતાના પતિદેવોને અત્રીમુનિના આશ્રમે મોકલીને અનસૂયાનું પતિવ્રતા વ્રત ભંગ કરવું.

પત્નીના કહેવા પર બ્રહ્મા-વિષ્ણુ-મહેશ બ્રાહ્મણ રૂપમાં અત્રીમુનિના આશ્રમે ગયા. ‘ભિક્ષાં દેહીનો’ લલકાર કર્યો. અનસૂયાએ ત્રણ બ્રાહ્મણોને બેસાડયા, તેમનું પૂજન કર્યું અને કહ્યું મુનિ સંધ્યા કરવા નદીએ ગયા છે તો બ્રાહ્મણોએ માંગણી કરી, ‘‘અમને સમય નથી તમે નિર્વસ્ત્ર થઇને અમને ભોજન પીરસો તો અમે થોભીએ, નહીં તો અમે જતા રહીશું.’’અનસૂયાએ વિચાર કર્યો, બ્રાહ્મણો જશે તો અતિથિ ભૂખ્યાનું પાપ લાગશે. અનસૂયાએ કહ્યું, ‘‘થોભો! હું તમારું વચન માન્ય રાખું છું.’’

અંદરથી અત્રિમુનિનું કમંડળ લાવીને અંદરથી પવિત્ર જળનું સિંચન ત્રણે અતિથિ પર કર્યું અને ત્રણે દેવો નાના અજાણ બાળકો થઇને રમવા લાગ્યાં. અનસૂયાએ ત્રણેને સ્તનપાન કરાવ્યું અને પારણાંમાં સુવડાવી દીધાં. અત્રિમુનિ આંતર દૃષ્ટિથી બધું જાણી ગયા. એમને ખબર પડી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પધાર્યા છે.

લાંબો સમય થતાં ત્રણે દેવીઓ આવીને કહેવા લાગી, ‘‘અનસૂયા! અમારા પતિ કયાં છે?’’ અનસૂયાએ પારણું બતાવ્યું અને કહ્યું, ‘‘ત્યાં સૂતા છે. તમે લઇ જાઓ. ત્રણે દેવીઓ પોતાના પતિને ઓળખી ન શક્યા ત્યારે અનસૂયાએ બ્રહ્મા, વિષ્ણુ-મહેશને તેમના અસલ રૂપમાં લાવીને પતિવ્રતા ધર્મ બતાવ્યો. અત્રિમુનિએ પુત્રપ્રાપ્તિ માટે પ્રાર્થના કરી ત્યારે દેવોના આશિષથી અનસૂયાના ઉદરે કોખથી ત્રિમુખ દત્તાત્રેયનો જન્મ થયો.

બ્રહ્માનું કમંડળ-મહેશનું ત્રિશૂળ અને વિષ્ણુનું ચક્ર પ્રતીકરૂપે શ્રી દત્તાત્રેયને મળ્યું. માગશર સુદ પૂનમે દત્તજન્મ થયો. દત્તના સોળ અવતાર છે. યોગીરાજ, અત્રિવરદાય, દત્તાત્રેય, કાલાગ્નિ શમન, યોગિજનવલ્લભ, લીલાવિશ્વંભર, સિદ્ધરાજ, જ્ઞાનસાગર, વિશ્વંભરાવધૂત, માયા માયામુક્તાધૂત, આદિગુરુ, શિવરૂપ, દેવદેવેશ્વર, દિગંબર કમલલોચન. દત્તાત્રેયે 24 ગુરુ કર્યા છે.

> ભગવાન નારાયણને મળવા ગયા અને તે જ ક્ષણે ત્રણે દેવી ભડકી ગઇ. અનસૂયાની પતિવ્રતાની વાતો સાંભળીને સ્ત્રી અહંકાર જાગૃત થયો અને પોતાનું પાતિવ્રત્ય શું ઓછું છે? એવા પ્રશ્નથી ત્રણ દેવીઓ અકળાઇ ગયા એ ત્રણેએ નિર્ણય કર્યો. પોતાના પતિદેવોને અત્રીમુનિના આશ્રમે મોકલીને અનસૂયાનું પતિવ્રતા વ્રત ભંગ કરવું

# સૂર શ્રીકૃષ્ણ અને લય રાધા

પંચામૃત

નીલાક્ષી પરીખ

તા. 11મી ડિસેમ્બરના રોજ ‘ગીતા જયંતી’ છે. શ્રીમદ ભગવદ્ ગીતા એક વૈશ્વિક ગ્રંથ છે. માનવીય મૂલ્યોનું અદ્દભૂત નિરૂપણ એટલે જ શ્રીમદ્ ભગવદ ગીતા. માનવતાના કલ્યાણકર્તા વ્યવહારિક માર્ગદર્શન અને આધ્યાત્મિક જ્ઞાન આપતો ગ્રંથ એટલે ગીતા. ગીતાજીના શ્લોક અને તેનું ભાષ્ય રોજિંદા જીવનમાં ખૂબ ઉપયોગી નીવડે છે. આના અધ્યયનથી અન્યાય સામે સંઘર્ષ કરવાની અને એમાં આપેલા અનેક ગુણોને જીવનમાં ઉતારીને આપણો વિકાસ, સમાજનું ઉત્થાન અને રાષ્ટ્રની ઉન્નતિ માટે આપણે સમર્પિત થઇ શકીએ. ભગવદ્ ગીતા રૂપી અમૃત સૌને પ્રાપ્ત થાય એ આવશ્યક છે. આજે ગુરૂકૃપાએ ગુરુજીએ જ કહેલી કથા અધ્યાય-જ્ઞાન, કર્મ અને સંન્યાસ યોગની વાત કરવી છે. ભગવાન જ્યારે અવતાર લે ત્યારે પોતાના ઐશ્વર્યને છુપાવી દે છે. પણ સમય આવ્યે પ્રગટ પણ કરે છે. પૂતના, શકટાસુર, તૃણાવર્ત આવ્યા ત્યારે ઐશ્વર્ય પ્રગટ થયું. ભલે ને ભગવાન બાળક છે. પણ એ ઐશ્વર્ય કૃષ્ણમાં સંપૂર્ણ ભર્યું છે. આપણે નાના હોઇએ ત્યારે બળ ન હોય, જેમ જેમ મોટા થઇએ તાકાત વધે અને વૃધ્ધ થઇએ એટલે ઘટે. ભગવાનનું ઐશ્વર્ય વધતું ઘટતું નથી. એ અપ્રગટ હોય છે અને જરૂર પડયે પ્રગટ કરે છે. અજ્ઞાન છે એ જીવનું આવરણ છે. એ અજ્ઞાનને કારણે માણસ ઇશ્વરને જાણી શકતો નથી એ ગુરુને શરણે જાય, અજ્ઞાન દૂર થાય તો આત્મજ્ઞાન થાય. પણ તેથી ઇશ્વર દર્શન થાય એવું ન કહી શકાય. કારણ આપણે આપણું આવરણ ભલે હટાવ્યું પણ ભગવાને પોતાનું આવરણ હટાવ્યું નથી. જીવમાં તાકાત નથી કે ઇશ્વર પરના યોગમાયાના આવરણને એ હટાવે. એ માત્રને માત્ર ભગવાન ધારે તો, અને ત્યારે અને તેને માટે હટાવે અને એને જ ભગવાનનાં દર્શન થાય. કુરુક્ષેત્રના મેદાનમાં 11માં અધ્યાયમાં ગીતામાં ભગવાને અર્જુન માટે આવરણ હટાવ્યું બાકી તો ત્યાં 18 અક્ષૌહિણી સેના હતી અને બધાને કંઇ ઇશ્વરના દર્શન થયા નથી. જેને ભગવાનનું દર્શન થાય એને આત્માનું પણ જ્ઞાન થાય. ‘રામચરિત માનસ’ એનું પ્રમાણ છે. સ્વયં ભગવાન રામ કહે- ‘મમ દર્શન ફલ પરમ અનૂપા ! જીવ પાવ નિજ સહજ સ્વરુપા!!’ મારા દર્શનનું ફળ એ જ છે કે જીવ પોતાના સહજ સ્વરૂપને ઓળખી લે. ભગવાન કૃપા કરે ત્યારે જ પોતે પોતાની યોગમાયાનો પડદો હટાવે અને સામેવાળાને બતાવે કે હું આ છું. અર્જુનને કૃપા કરીને બતાવ્યું કે ‘જોઇ લે, હુંઆ છું.’ કૌશલ્યા માટે પણ પડદો હટાવ્યો.



‘દેખરાવા માત હિ નિજ અદ્દભૂત રૂપ અખંડ’ મા યશોદા માટે પણ પડદો હટાવ્યો. પણ માધુર્યમાં વિઘ્ન આવે એટલે વળી પાછો પડદો. રામકૃષ્ણ દેવે પણ વિવેકાનંદને એકવાર સમાધિનો અનુભવ કરાવ્યો પણ પછી આગળનું કાર્ય કરવા બહાર કાઢી લીધા. એકવાર સ્વાદ ચખાડયો અને એને કારણે પૂરું પરિવર્તન થયું. અગ્નિમાં લોઢાને નાંખી, ટીપીને જે આકાર આપવાનો હોય તે આકાર આપી પછી પાણીમાં ટાઢું થઇ જાય એટલે આકાર પાકો. વિવેકાનંદને પણ પછી ભકિતના, સેવાના પાણીમાં નાખ્યા. પછી 39 વર્ષની નાનકડી જિંદગીમાં જે કામ કર્યું! 32 વર્ષના શંકરાચાર્ય કમાલ છે! આજે તો 32 વર્ષે તો ભણી ય નથી લેતા. કહે છે હજી તો માસ્ટરી કરું છું! શંકરાચાર્યે 32 વર્ષમાં તો બધું કરી બાજી સંકેલી લીધી! અને પ્રભાવ જુઓ તો હજુય એવો ને એવો! ઇશ્વર કૃપા કરે તો યોગમાયાનો પડદો હટાવી દર્શન કરાવે. ‘રામકૃપા બિનુ સુનુ ખગરાય, જાની ન જાઇ રામ પ્રભુતાઇ! સોઇ જાનહિ જેહિ દે હુ જનાઇ, સો જાનત તુમહિ તુમહિ હોઇ જાહી!’ કૃષ્ણ વિષ્ટિ માટે ગયા. દુર્યોધન ન માન્યો. ઉલટાનો કૃષ્ણને કેદ કરવાની કોશિશ કરે. ‘એ પકડો આને, કેદ કરો કાળિયાને!’ કૃષ્ણને કેદ! જે નિત્ય મુકત છે એને કેદ કરવા દોડે છે. ત્યારે ભગવાને જે વિરાટ રૂપ બતાવ્યું એ ભગવાનનુંઐશ્વર્ય છે. બધા ડર્યા પણ યોગમાયાનો પડદો ભગવાને ન હટાવ્યો તેથી ઓળખી ન શક્યા કે આ ભગવાન છે. ભગવાન પીતાંબર પહેરીને માયા સાથે પ્રગટ થાય છે તો મા કૌશલ્યા કહે છે- મને માયા રહિત, આવરણ રોહત બ્રહ્મના દર્શન કરવા છે. ત્યાં મા પર કૃપા કરવા ભગવાન બાળક બને છે. નિરાવરણ એવું શુધ્ધ બ્રહ્મ. દર્શન થાય તે ભકત થાય, યુકત થાય. પેલો જ્ઞાની મુકત થાય આ યુકત થાય. મુકિત સહેલી પણ ભકિત કઠણ છે. માણસ મુકત પોતાના પુરુષાર્થથી થઇ શકે. ભકિત ભગવાન જેને આપે તેને મળે. એટલે તુલસીદાસજીએ પણ માંગી. ભકિતં પ્રયચ્છ રઘુ પુંગવ નિર્ભરા મે’ અરે! દેવોના દેવ મહાદેવે પણ ઝોળી ફેલાવી. ‘બાર બાર બર માંગહુ, હરિષ દેહુ શ્રી રંગ! પણ સરોજ અન પાયની ભકિત સદા સત્સંગ!!’ ધર્મક્ષેત્ર, કુરુક્ષેત્રમાં બે સેનાઓની મધ્યમાં અવસ્થિત રથમાં કિંકર્તવ્ય વિમૂઢ બનીને બેઠેલા અર્જુનને જગદગુરુ ભગવાન શ્રીકૃષ્ણે મોહ મટાડવા, કર્તવ્ય બોધ કરાવવા ઉપદેશ આપ્યો. આમ તો આ ઉપનિષદોનો સાર છે. પણ એને ગીતના રૂપમા, કવિતાના રૂપમાં લખાયો. જોયું! આપણું અધ્યાત્મ પણ કેટલું કાવ્યાત્મક છે! ગીતનો સંબંધ બાળપણ સાથે છે. બાળકોને ગીતના રૂપમાં શીખવાડાય તો યાદ રહી જાય. જીવન જેટલું લયમાં (રિધમ)માં ચાલશે એટલા થાકશો નહીં, ઉત્સાહ રહેશે, આનંદ રહેશે. જ્યારે જીવનનો લય તૂટે ત્યારે માણસ થાકે, કંટાળે, શ્વાસનો પણ એક લય છે. એ લય એટલે રાધા. શ્વાસ છે તો કૃષ્ણ છે. રિધમ તે રાધા. તો રાસ રચાય. શરીર એ પ્રકૃતિનું રૂપ છે અને એની એક રિધમ છે. સમય થાય ભૂખ લાગે, સમય થાય ઊંઘ આવે. એની એક રીધમ છે. ઋતુઓની પણ એક રીધમ છે. સમય પ્રમાણે ઋતુ આવે- જાય. સૂર શ્રીકૃષ્ણ છે તો રીધમ એ રાધા છે. ત્યારે એક સંગીત રચાય છે. સૂર અને લય. તાલ પછી ભલે ગમે તે હોય, સૂરમાં રાગ ગમે તે હોય પણ સૂર એટલે શ્રીકૃષ્ણ અને લય એ રાધા. પ્રિયકાંત મણિયારની ગુજરાતી કવિતાનું સ્મરણ થાય છે- ‘આ નભ ઝૂકયું તે કાનજી ને પોયણી તે રાધા રે.’ જ્ઞાન બોજ બને એમ નહીં હળવી ભાષામાં હોવુ જોઇએ. ગીત ગાયું એ ભગવદ્ ગીતા. કાવ્યાત્મક હોય યાદ રહી જાય. પહેલાં ઘડિયા રીધમમાં યાદ કરાતા યાદ રહી જતા આજે કેલ્કયુલેટર લઇ બેસવું પડે! આ બધું છંદ બધ્ધ છે. ભગવાને રણમેદાનમાં અધ્યાત્મની ચર્ચા કરી! છે ને નવાઇની વાત! આ ધર્મયુધ્ધ છે. અન્યાયની સામે લડવાનું છે. હસ્તિનાપુરના રાજ માટે શકિત, સત્તા ને સંપત્તિ માટે લડવાનું નથી વળી લડતી વખતે યાદ રાખવાનું છે કે તું માત્ર નિમિત્ત છે એટલે બહાદુરીનું અભિમાન પણ ન કર. ભગવાને યુધ્ધ માટે અર્જુનને તૈયાર કર્યા. જ્યાં માણસના શરીરમાં ઓપરેશનની જરૂર પડે ને છરી ચલાવતા ડોકટર ડરે, ઓપરેશન ન કરે તો પેલો મરે. જ્યાં છરી ચલાવવાની જરૂર પડે ચલાવવી પડે. બગડેલો ભાગ કાઢવો પડે ત્યારે ડોકટર ક્રૂર લાગે? ના. સમાજના શરીર ગુમડા થયેલા એ મલમ લગાડવાથી ન મટે માટે ઓપરેશન કરવા પડયા. ભગવાન ખુદ ગયા કૌરવો ન માન્યા.

(પૂ. રમેશભાઇ ઓઝા (પૂ. ભાઇ)ના સત્સંગને આધારે)

> ભગવાને રણમેદાનમાં અધ્યાત્મની ચર્ચા કરી! છે ને નવાઇની વાત! આ ધર્મયુધ્ધ છે. અન્યાયની સામે લડવાનું છે. હસ્તિનાપુરના રાજ માટે શકિત, સત્તા ને સંપતિ માટે લડવાનું નથી વળી લડતી વખતે યાદ રાખવાનું છે કે તું માત્ર નિમિત્ત છે એટલે બહાદુરીનું અભિમાન પણ ન કર